# 23

ડાંગ જિલ્લામાં ચાલતી સિઝનલ હોસ્ટેલોમાં થતી ગેરરીતિઓની ફરિયાદ.

* 15/4/1194 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૦૭/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૧૮૦ (અગ્રતા–૧૦૩) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા તપાસ કમિટી નીમી તપાસ સોંપવામાં આવેલ તે તપાસ ક્યારે, કોને, કેટલા સમયમાં અહેવાલ સુપ્રત કરવાની શરતે સોંપવામાં આવેલ, | (૧) રાજ્ય સરકારને સર્વ શિક્ષા અભિયાન હેઠળ ડાંગ જિલ્લામાં કાર્યરત સિઝનલ હોસ્ટેલોમાં ભૂતિયા વિદ્યાર્થીઓ બાબતે ત્રણ ફરિયાદો અન્વયે સમગ્ર શિક્ષા દ્વારા જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાંગને તા.૦૨.૦૩.૨૦૨૩ના રોજ તપાસ સોંપવામાં આવેલ. |
| (૨) તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે અહેવાલ મળેલ છે, અને | (૨) તે અન્વયે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડાંગનો તા.૦૪.૦૫.૨૦૨૩ ની સ્થિતિએ અહેવાલ મળેલ છે. |
| (૩) મળેલ અહેવાલ અન્વયે કેટલા ભૂતિયા વિદ્યાર્થીઓ ક્યારથી હોવાનું સામે આવ્યું અને તે સબબ કયા જવાબદારો સામે શાં પગલાં લીધા? | (૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ડાંગના તા.૦૪.૦૫.૨૦૨૩ના અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા કરવામાં આવેલ આક્ષેપો પાયાવિહોણા હોઈ, જે હકીકતલક્ષી વિગતો અન્વયે પ્રકરણ દફ્તરે કરેલ છે. |